# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2023-24
## ધોરણ-12 : ઈતિહાસ (029) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 41 | 44 | 05 | 10 | 100 |
| ટકા (%) | 41% | 44% | 05% | 10% | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) | 10 | 14 | 20 |
| 4. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) | 10 | 14 | 30 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 04 | 06 | 20 |
| | કુલ | **54** | **64** | **100** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | પૂર્વભૂમિકા અને અર્વાચીન ભારતના ઈતિહાસની આધારસામગ્રી | 05 | 06 |
| 2. | 18મી સદીના ભારતનો ઉત્તરાર્ધ અને સત્તાપ્રાપ્તિ માટે સંઘર્ષ | 05 | 06 |
| 3. | ભારતમાં યુરોપિયનોનું આગમન | 05 | 09 |
| 4. | ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું વહીવટી માળખું | 05 | 08 |
| 5. | 1857નો સંગ્રામ | 08 | 09 |
| 6. | કંપની શાસનની આર્થિક અસરો | 05 | 09 |
| 7. | સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળો | 08 | 11 |
| 8. | રાષ્ટ્રીય આંદોલનો (1857 - 1919) | 08 | 11 |
| 9. | સ્વરાજ માટેનો સંઘર્ષ (ઈ.સ. 1919-1947) | 07 | 07 |
| 10. | પ્રગતિનો પંથ અને સુદૃઢ રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા | 05 | 06 |
| 11. | આધુનિક યુગનો આરંભ | 05 | 08 |
| 12. | 19 મી સદીના અંતે વિશ્વની સ્થિતિથી પ્રથમ વિશ્વયુદ્ધનાં અંત સુધી | 04 | 04 |
| 13. | ઈ.સ. 1919 થી 1939 વચ્ચેનું વિશ્વ | 06 | 06 |
| 14. | દ્વિતીય વિશ્વયુદ્ધ (1939-1945) | 08 | 08 |
| 15. | દ્વિતીય વિશ્વયુદ્ધ પછીનું વિશ્વ | 06 | 07 |
| 16. | સમકાલીન વિશ્વમાં રાજનીતિ, અર્થકારણ અને સમાજ | 05 | 05 |
| 17. | વિજ્ઞાન અને ટૅક્નોલોજીને લીધે સમાજ અને સંસ્કૃતિમાં આવેલાં પરિવર્તનો | 05 | 10 |
| | કુલ | 100 | 130 |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2023-24**

**ધોરણ-12 : ઈતિહાસ (029) (સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 20 | **વિભાગ - A**<br>નીચે આપેલા 1 થી 20 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 20 |
| 21 થી 30 | **વિભાગ - B**<br>નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. (દરેકનો 1 ગુણ) | 10 |
| 31 થી 44 | **વિભાગ - C**<br>નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના ઉત્તર સંક્ષિપ્તમાં લખો. (દરેકના 2 ગુણ) | 20 |
| 45 થી 58 | **વિભાગ - D**<br>નીચે આપેલા 45 થી 58 પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (દરેકના 3 ગુણ) | 30 |
| 59 થી 64 | **વિભાગ - E**<br>નીચે આપેલા 59 થી 64 પ્રશ્નોમાંથી કોઈપણ 4 (ચાર) પ્રશ્નોના ઉત્તર સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 5 ગુણ) | 20 |
| | **કુલ** | **100** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2023-24**

**ધોરણ-12 : ઈતિહાસ (029) (સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

**સૂચનાઓ :**

- આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ છે.
- પ્રશ્નોની સૂચના પ્રમાણે ઉત્તર લખવા.
- નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 20 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) [20]**

(1) સુરેન્દ્રનાથ સેને મહાવિદ્રોહ અંગે ક્યું પુસ્તક લખ્યું ?
(A) અઢારસો સત્તાવન (B) મહાવિદ્રોહ (C) મહાસંગ્રામ (D) વિપ્લવ

(2) 'ગાંધીજીનો અક્ષરદેહ' પ્રકાશિત કરનાર પ્રકાશક જણાવો.
(A) દિલ્હી યુનિવર્સિટી (B) રાજ્ય અભિલેખાગાર
(C) નવજીવન પ્રકાશન (D) ગુજરાત યુનિવર્સિટી

(3) પ્લાસીનું યુદ્ધ ક્યારે થયું ?
(A) ઈ.સ.1756 (B) ઈ.સ. 1757 (C) ઈ.સ. 1758 (D) ઈ.સ. 1760

(4) હૈદરાબાદ રાજ્યનો સ્થાપક કોણ હતો ?
(A) સઆદત ખાં (B) ટીપુ સુલતાન (C) આસફ ખાં (D) નિઝામ-ઉલ-મુલ્ક

(5) ક્યા મુઘલ સમ્રાટનાં સમયમાં અંગ્રેજોએ વેપારી કોઠી સ્થાપવાનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો ?
(A) અકબર (B) જહાંગીર (C) શાહજહાં (D) ઔરંગઝેબ

(6) બકસરના યુદ્ધ સમયે બંગાળનો નવાબ કોણ હતો ?
(A) મીર ઝાફર (B) સિરાઝ-ઉદ્-દૌલા (C) આસફ ખાં (D) મીર કાસીમ

(7) "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે" - એ સૂત્ર કોણે આપ્યું ?
(A) લાલા લજપતરાય (B) બાળગંગાધર ટિળક (C) બિપિનચંદ્ર પાલ (D) ગોપાળકૃષ્ણ ગોખલે

(8) મોહનલાલ કામેશ્વર પંડ્યાએ કોના પર બોંબ ફેંક્યા હતાં ?
(A) વાઈસરૉય મિન્ટો અને લેડી મિન્ટો (B) કર્નલ વાયલી
(C) ન્યાયાધીશ કિંગ્સફર્ડ (D) ડિસ્ટ્રિકટ મેજિસ્ટ્રેટ આશો

(9) ભારતે પ્રથમ અણુધડાકો ક્યાં સ્થળે કર્યો ?
(A) બેંગ્લોર (B) પોખરણ (C) અમદાવાદ (D) કચ્છ

(10) 'સ્પેસ એપ્લિકેશન સેન્ટર' ક્યાં આવેલું છે ?
(A) બેંગ્લોર (બ) દિલ્હી (C) અમદાવાદ (D) થુમ્બા

(11) ક્યો ગવર્નર જનરલ ભારતમાં પોલીસતંત્ર શરૂ કરનાર ગણાય છે ?
(અ) કલાઈવ (બ) હેસ્ટિંગ્સ (C) કોર્નવોલિસ (D) ડેલહાઉસી

(12) રેગ્યુલેટિંગ ઍકટ ક્યારે અમલમાં આવ્યો ?
(A) ઈ.સ.1770 (B) ઈ.સ. 1771 (C) ઈ.સ. 1772 (D) ઈ.સ. 1773

(13) રાણી લક્ષ્મીબાઈ ક્યા રાજ્યનાં રાણી હતાં ?

(A) ઈંદોર (B) નાગપુર (C) સતારા (D) ઝાંસી

(14) અંગ્રેજોએ તમામ ઊંચા હોદ્દા પર કોને નિયુક્ત કરેલ ?

(A) મુસ્લિમ (B) અંગ્રેજ (C) હિંદુ (D) નેપાલી

(15) ઢાકાનું કયું વસ્ત્ર વિશ્વ વિખ્યાત હતું ?

(A) રેશમ (B) મલમલ (C) શાલ (D) દુપટ્ટા

(16) નાગપુરનું રેશમ શેના માટે જાણીતું હતું ?

(A) બોર્ડર (B) ધોતી (C) ઝભ્ભા (D) દુપટ્ટા

(17) રાજા રામમોહનરાયે સમાજસુધારણા માટે કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?

(A) હિતકારિણી સભા (B) આર્યસમાજ (C) પ્રાર્થનાસમાજ (D) બ્રહ્મોસમાજ

(18) રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરી હતી ?

(A) સ્વામી રામકૃષ્ણ (B) સ્વામી વિવેકાનંદ

(C) સ્વામી દયાનંદ સરસ્વતી (D) રાજા રામમોહનરાય

(19) આફ્રિકામાં રંગભેદની નીતિનાં વિરોધમાં આંદોલનનું નેતૃત્વ કોણે લીધું હતું ?

(A) નેલ્સન મંડેલા (B) પી.ડબલ્યુ. બોથા (C) ડેસમન્ડ મપીલો (D) ગાંધીજી

(20) બાન્ડુંગ પરિષદ કઈ સાલમાં યોજવામાં આવી હતી ?

(A) ઈ.સ. 1955 (B) ઈ.સ. 1954 (C) ઈ.સ. 1953 (D) ઈ.સ. 1952

## વિભાગ - B

- **નીચે આપેલ 21 થી 30 પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો (દરેકનો 1 ગુણ)** **[10]**

(21) મરાઠી સત્તામાં સર્વપ્રથમ પેશ્વા કોણ હતાં ?

(22) મુંબઈ ટાપુ અંગ્રેજોને કોની પાસેથી મળ્યો હતો ?

(23) બ્રિટિશ હિંદમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે થઈ ?

(24) અમદાવાદ ક્યા પ્રકારનાં કાપડ માટે જાણીતું હતું ?

(25) રાષ્ટ્રીય અભિલેખાગાર ક્યાં આવેલું છે ?

(26) ફોર્ટ વિલિયમ કોલેજ ક્યાં સ્થાપવામાં આવી ?

(27) સ્વતંત્ર ભારતના પહેલા યુનિવર્સિટી શિક્ષણપંચનાં અધ્યક્ષ કોણ હતાં ?

(28) વર્ગવિહીન સમાજરચનાનાં હિમાયતી કોણ હતાં ?

(29) રાષ્ટ્રસંઘની સ્થાપના ક્યારે થઈ ?

(30) સ્થાપના વખતે સંયુક્ત રાષ્ટ્રો (U.N.) માં કેટલા રાષ્ટ્રો જોડાયાં હતાં ?

## વિભાગ - C

- **નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના જવાબ સંક્ષિપ્તમાં લખો. (દરેકના 02 ગુણ)** **[20]**

(31) દ્વિમુખી શાસન પદ્ધતિ એટલે શું ?

(32) વિલિયમ બૅન્ટિકના ન્યાયવિષયક સુધારા જણાવો.

(33) નવી એન્ફિલ્ડ રાઈફલની કારતૂસમાં કેવી ચરબીનો ઉપયોગ થતો હતો ?

(34) રાજા રામમોહનરાયને 'રાજા'ની પદવી કોણે આપી હતી ?

(35) રામકૃષ્ણ મિશનની સ્થાપના ક્યાં અને કોના દ્વારા થઈ હતી ?
(36) નોંધ લખો : શ્યામજીકૃષ્ણ વર્મા
(37) સમજાવો : સ્વદેશી આંદોલન
(38) સાયમન કમિશનનો વિરોધ શા માટે કરવામાં આવ્યો હતો ?
(39) નવજાગૃતિ એટલે શું ?
(40) અમેરિકાના કયા નૌકામથક પર જાપાને બોમ્બ ફેંક્યો હતો ?
(41) ઠંડુ યુદ્ધ એટલે શું ?
(42) આતંકવાદ એટલે શું ?
(43) શક્તિના નવા સ્ત્રોતના નામ જણાવો.
(44) ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એટલે શું ?

## વિભાગ - D

- **નીચે આપેલા 45 થી 58 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** (દરેકના 3 ગુણ) **[30]**

(45) ''ઐતિહાસિક સાધનસામગ્રી વગર આપણે ઇતિહાસ જાણી શકતા નથી.'' વિધાન સમજાવો.
(46) ટીપુ સુલતાનની આંતરિક નીતિ વિશે જણાવો.
(47) પ્લાસીનું યુદ્ધ ભારતના ઇતિહાસમાં શું સ્થાન ધરાવે છે તે સ્પષ્ટ કરો.
(48) ડેલહાઉસીની ખાલસા નીતિ સમજાવો.
(49) એક વખતનું સમૃદ્ધ બંગાળ કંગાળ અને ગરીબ કઈ રીતે બન્યું ?
(50) ભારતના હુન્નર ઉદ્યોગનાં વિનાશ માટે અંગ્રેજોએ શું કર્યું ?
(51) હરિયાળી ક્રાંતિ વિશે લખો.
(52) નવજાગૃતિ માટે ક્યાં પરિબળો જવાબદાર હતાં ?
(53) ધર્મસુધારણાનું સ્વરૂપ સમજાવો.
(54) પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ કયું હતું ?
(55) બિનજોડાણવાદ વિગતે સમજાવો.
(56) ઉદ્યોગીકરણની અસરો ઉદાહરણ સહિત સમજાવો.
(57) ઈન્ફોર્મેશન ટૅક્નોલોજીએ વિશ્વને એક ગામડું બનાવી દીધુ છે. ચર્ચા કરો.
(58) વર્તમાનપત્રોનું સામાજિક મહત્ત્વ સ્પષ્ટ કરો.

## વિભાગ - E

- **નીચે આપેલા 59 થી 64 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** (દરેકના 05 ગુણ) **[20]**

(59) 1857 ના સંગ્રામની નિષ્ફળતાનાં કારણો ચર્ચો.
(60) રામકૃષ્ણ મિશનની સમાજસેવાની પ્રવૃત્તિઓની રૂપરેખા સમજાવો.
(61) બંગભંગનું આંદોલન શા માટે શરૂ થયું ? તેનાં મુખ્ય પરિણામોની ચર્ચા કરો.
(62) મહાત્મા ગાંધીના સત્યાગ્રહ અને અહિંસાના વિચારો તમારા શબ્દોમાં લખો.
(63) રાષ્ટ્રસંઘની સ્થાપનાના હેતુઓ કયા હતાં ?
(64) દ્વિતિય વિશ્વયુદ્ધનાં પરિણામો જણાવો.

•••